# વર્ષ ૨૦૧૪ સુધી ૯૦ કરોડ લોકોને કાર્ડ મળશે : સિંહ

નવી દિલ્હી, તા. ૨૦

વડાપ્રધાન મનમોહન સિંહે પેન્શન અને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના મનરેગા જેવી સામાજિક યોજનાઓના લાભ મેળવી રહેલા લોકોને સીધી રીતે રોકડ રકમ મળે તે માટે આધાર સમર્થિત નવી વ્યવસ્થાની શરૂઆત કરાવી હતી. આધાર શરૂ થતા મોટી સંખ્યામાં લોકોને રાહત મળી તેવી શક્યતા છે. આ પ્રસંગે વડાપ્રધાન સિંહે કહ્યું હતું કે વર્ષ ૨૦૧૪ સુધી ૯૦ કરોડ લોકોને આધાર કાર્ડ આપવામાં આવશે. અસામાન્ય આધાર કાર્ડ જારી કરવા માટે આશરે ૨૪૦ મિલિયન લોકોની નોંધણી કરવામાં આવી છે. આ આધાર કાર્ડમાં ૧૨ ડિજિટ ઓળખ નંબર રહેશે. ભારતના તમામ નાગરિકોને આ આધાર કાર્ડ અપાશે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ કાર્યક્રમમાં ઉદયપુર જિલ્લાના પુરાવાર ગામની નિવાસી બાલી દેવીને ૨૧મા કરોડ કાર્ડ આપી તેની શરૂઆત કરી હતી. યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયામાં યુનિક નંબરો રહેશે. સિંહે રાજસ્થાનના પાટનગર જયપુરથી આશરે ૬૦ કિલોમીટરના અંતરે શહેરમાં મેદાન ખાતે આયોજિત કાર્યક્રમમાં સંબોધન કરતા અનેક મુદ્દે વાત કરી હતી. અહીં ૧૦૦૦૦૦ લોકો એકત્રિત થયા હતા. જે લોકો હાજર રહ્યા હતા તેમાં રાજસ્થાનના મુખ્યપ્રદાન અશોક ગહેલોત, નાણાં પ્રદાન પી. ચિદમ્બરમ, નાયબ અધ્યક્ષ મોન્ટેક સિંહનો સમાવેશ થાય છે. વિશ્વમાં સૌથી મોટા ઓળખ ડેટાબેઝના ભાગરૂપે આ ઝુંબેશ વર્ષ ૨૦૧૦માં શરૂ કરવામાં આવી હતી. દેશના તમામ નાગરિકોને ઓળખપત્ર આપવામાં આવશે. સિંહે કહ્યુ ંહતું કે યુપીએ સરકારે હમેંશા સામાન્ય લોકોના હિતમાં કામ કર્યુ છે. હાલમાં આ પ્રોજેક્ટ હેઠળ ૨૪૦ મિલિયન લોકોની નોંધણી થઈ ચુકી છે.

વડાપ્રધાન સિંઘે કહ્યું હતું કે, અમારી સરકાર એક મહત્વાકાંક્ષી યોજના છે. આગામી દિવસોમાં આધારકાર્ડ દેશના દરેક નાગરિકને આપવામાં આવશે.

વડાપ્રધાન ડો. મનમોહનસિંઘ અને યુપીએ અધ્યક્ષા સોનિયા ગાંધી ખાસ વિમાનથી દિલ્હીથી જયપુરના શાંગાનેર વિમાની મથક પર કડક સુરક્ષા બંદોબસ્ત હેઠળ ઉતર્યા હતા. સિંઘ અને સોનિયા ગાંધી એક સાથે રાજસ્થાનની યાત્રા પર જયપુર પહોંચ્યા હોવાનો પ્રથમ બનાવ છે. વિમાની મથકે રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે



વડાપ્રધાન અને સોનિયા ગાંધીનું સ્વાગત કર્યુ હતું.જયપુરથી ૫૦ કિલોમીટર દૂર જયપુર-અજમેર નેશનલ હાઈવે પર દંદૂ પ્રાંતમાં આધારની બીજી વર્ષગાંઠ પર આયોજીત કાર્યક્રમમાં વડાપ્રધાને ઉલ્લેખનીય સેવાઓ માટે ઘણા લોકોને પુરસ્કાર આપી સન્માન કર્યુ હતું. કેન્દ્રીય રાજયમંત્રી સચિન પાયલોટના લોકસભા બેઠક અને રાજસ્થાનના ખાદી અને ગ્રામ ઉદ્યોગ રાજ્યમંત્રી બાબુલાલ નાગરના મત વિસ્તારમાં વડાપ્રધાનનો કાર્યક્રમ યોજાયો હતો. વડાપ્રધાન અને સોનિયા ગાંધીએ સમારંભ સ્થળથી આંધ્રપ્રદેશ સહિત અન્ય રાજયોમાં મનરેગા સહિત અન્ય યોજનાઓમાં કામ કરનાર સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા વાતચીત કરી હતી. સિંઘ અને સોનિયા ગાંધીએ આ પ્રસંગે મુખ્યમંત્રી ગ્રામીણ બીપીએલ આવાસ યોજના, મનરેગા, સાર્વજનિક વિતરણ યોજના, મુખ્યમંત્રી ઉચ્ચ શિક્ષણ વિદ્યાર્થી યોજના, સામાજિક સુરક્ષા પેન્શન યોજના અને રસોઈ ગેસ સિલિન્ડર વિતરણને આધાર સાથે જોડવાની શરૂઆત કરી હતી.

## યુદ્ધના પુનરાવર્તનની કોઈ જ શક્યતા નથી : એન્ટોની

નવી દિલ્હી,તા. ૨૦

વર્ષ ૧૯૬૨માં ભારત અને ચીન વચ્ચેના યુદ્ધ દરમિયામ શહીદ થયેલા ભારતીય જવાનોને અર્જાંલિ આપતા સંરક્ષણ પ્રધાન એકે એન્ટોનીએ યુદ્ધના પુનરાવર્તનની કોઈ શક્યતા હોવાનો આજે સાફ ઈન્કાર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે આવા કોઈ પણ ખતરાને પહોંચી વળવા અને દેશનું સંપૂર્ણ રક્ષણ કરવા ભારતીય દળો સક્ષમ છે. ભારતીય સંરક્ષણ સંસ્થાએ પ્રથમ વખત સત્તાવાર રીતે વર્ષ ૧૯૬૨ના યુદ્ધમાં ભાગ લઈ ચુકેલા અને શહીદ થયેલા જવાનોને સન્માનિત કર્યા હતા. ભારત-ચીનના યુદ્ધના ૫૦ વર્ષના પ્રસંગે સૈનિકોને સન્માનિત કરવા સાથે સંબંધિત કાર્યક્રમમાં તેમણે કહ્યું હતું કે તેઓ દેશને ખાતરી આપવા માંગે છે કે આજે ભારત વર્ષ ૧૯૬૨નું ભારત નથી. આ વર્ષો દરમિયાન ભૂતકાળની નબળાઈની તમામ સરકારોએ નોંધ લીધી છે. તેમણે કહ્યું હતું કે સરહદી ખતરાને પહોંચી વળવામાં સેના તૈયાર છે.

સંરક્ષણ પ્રધાને તમામ પ્રશ્ને વાત કરી હતી. ભારતની સંરક્ષણ તૈયારી અંગે તેમણે વાત કરી હતી. યુદ્ધમાં ભારતને ચીની સૈનિકોના હાથે હારનો સામનો કરવો પડ્યો હતો. ચીની સૈનિકોએ ભારતીય ક્ષેત્રની જંગી જમીન આંચકી લીધી હતી. સંરક્ષણ પ્રદાન એન્ટોની, સંરક્ષણ રાજ્ય પ્રધાનએમએમ પલ્લમ રાજુ એર ફોર્સના વડા અર્જન સિંહ અને ત્રણેય સેનાના વડાએ વર્ષ ૧૯૬૨માં શહીદ થયેલા જવાનોને અંજલિ આપી હતી. અમર જવાન જ્યોતિ ખાતે પુષ્પાજંલિ અપર્ણ કરવામાં આવી હતી.

એન્ટોનીએ કહ્યું હતું કે અમે ઝડપથી અમારી તાકાતને વધારી રહ્યા છીએ. એન્ટોનીએ કહ્યું હતું કે ભારતની સરહદી વિવાદ પર ચીન સાથે ચર્ચા ચાલી રહી છે. વર્ષ ૧૯૬૨ના યુદ્ધ શહીદોને સન્માનિત કરવા અને તેમને યાદ કરવાનો કાર્યક્રમ આટલા લાંબા ગાળે કેમ યોજાઈ રહ્યો છે તે અંગે પુછવામાં આવતા પ્રધાને કહ્યું હતું કે કઈ બદલાયું નથી. આ ૫૦ વર્ષ છે. અમે વિચારીએ છીએ કે આ એવો સમય છે જ્યારે અમને તમામ શહીદોને યાદ કરવા જોઈએ.

### યુદ્ધ આશરે એક મહિના સુધી ચાલ્યું હતુ

# ચીન સામેના યુદ્ધમાં ૪૦૦૦ જવાન શહીદ થયા હતા

નવી દિલ્હી,તા. ૨૦

ભારત અને ચીનના યુદ્ધને ૫૦ વર્ષ થયા છે. વર્ષ ૧૯૬૨માં ચીન સામેના યુદ્ધમાં શહીદ થયેલા જવાનોને આજે યાદ કરવામાં આવ્યા હતા. અમર જવાન જ્યોતિ પર પુષ્પાજંલિ આપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦મી ઓક્ટોબર ૧૯૬૨ના દિવસે ભારત અને ચીન વચ્ચે યુદ્ધની શરૂઆત થઈ હતી. આ યુદ્ધ આશરે એક મહિના સુધી ચાલ્યું હતું. આ યુદ્ધમાં ૪૦૦૦ જવાન શહીદ થયા હતા. આ યુદ્ધમાં ભારતને હારનો સામનો કરવો પડ્યો હતો. ભારતીય નૌકા સેનાના પૂર્વ પ્રમુખ એડમિરલ અરૂણ પ્રકાશ આ ઘટનાને વીર ગાથા તરીકે ગણે છે. આ ગાળા દરમિયાન માત્ર ૧૫ લાખ ભારતીય મહિલાઓ અને પુરૂષોએ દેશ માટે હથિયાર ઉઠાવી લીધા ન હતા બલ્કે ૨૦થી ૨૫ લાખ સેનાના નિવૃત જવાનોએ પણ હથિયારો ઉઠાવી



લીધા હતા.૨૦મી ઓક્ટોબર ૧૯૬૨ના દિવસે યુદ્ધ શરૂ થયા બાદ ૨૧મી નવેમ્બર ૧૯૬૨ના દિવસ સુધી યુદ્ધ ચાલ્યું હતું. ૨૦મી નવેમ્બર ૧૯૬૨ના દિવસે ચીને યુદ્ધ વિરામની જાહેરાત કરતા યુદ્ધ પૂર્ણ થયું હતું. વિવાદાસ્પદ વિસ્તારમાંથી ચીની સૈનિકોએ પાછા ખસી જવાની પણ જાહેરાત કરી હતી. ભારત અને ચીન વચ્ચે યુદ્ધ ખુબ જટિલ સ્થિતીમાં થયું હતું. ભારત અને ચીન બન્નેએ આ યુદ્ધમાં હવાઈ દળોનો ઉપયોગ કર્યો હતો. એ વેળા સંખ્યાબળની વાત કરવામાં આવે તો ચીનના ૮૦૦૦૦ જવાનો હતા જ્યારે ભારતના ૧૦૦૦૦થી ૧૨૦૦૦ જવાનો હતા.

યુદ્ધમાં આંકડાની વાત કરવામાં આવે તો ભારતના પક્ષે ૧૩૮૩ જવાનો શહીદ થયા હત. ૧૦૪૭ જવાન ઘાયલ થયા હતા. ૧૬૯૬ જવાન લાપતા થયા હતા અને ૩૯૬૮ જવાનને પકડી લેવામાં આવ્યા હતા. આવી જ રીતે ચીનના પક્ષે ૭૨૨ જવાન માર્યા ગયા હતા અને ૧૬૯૭ જવાન ઘાયલ થયા હતા. ભારત અને ચીન વચ્ચેના યુદ્ધમાં અનેક એવી બાબતો હતી જે હજુ પણ આશ્ચર્ય સર્જે છે. ભારતે હવાઈ દળનો ઉપયોગ કર્યો ન હતો જેથી તમામ લોકો હેરાન હતા. બીજી બાજુ યુદ્ધ અંગે ભારતીય જવાનો તૈયાર પણ ન હતા.

## માલ્યાને મોટો ફટકો : અંતે કિંગફિશરનું લાયસન્સ રદ

નવી દિલ્હી, તા. ૨૦

દેશના અગ્રણી ઉદ્યોગપતિ અને લીકરકિંગ વિજય માલ્યાને આજે મોટો ફટકો પડ્યો હતો. ડીરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવીએશન (ડીજીસીએ) એ આજે



કિંગફિશર વિમાની કંપનીનું લાયસન્સ સસ્પેન્ડ કરી દીધું હતું. આર્થિક સંકટનો સામનો કરી રહેલ કિંગફિશર રિવાઈલ પ્લાન સોંપે ત્યાં સુધી તેનું લાયસન્સ સસ્પેન્ડ કરવાનો ડીજીસીએ એ આજે નિર્ણય કર્યો હતો. ડીજીસીએના મત અનુસાર કિંગફિશર વિમાની કંપનીને કારણદર્શક નોટીસ આપવામાં આવી હતી. તેના જવાબથી સંતુષ્ટ ન થતાં લાયસન્સ સસ્પેન્ડ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આગામી ૬ નવેમ્બર સુધી કિંગફિશર વિમાની કંપનીને બિઝનેસ શરૂ કરવાની આશા ન હોવાથી તેણે ૨૩મી ઓક્ટોબર સુધી લોકઆઉટ વધાર્યો હતો. ડીજીસીએનો લાયસન્સ સસ્પેન્ડ કરવાનો નિર્ણય બીજો નિર્ણય ન આવે ત્યાં સુધી અમલમાં રહેશે. અગાઉ કિંગફિશર લોકઆઉટ ૨૦મી ઓક્ટોબર સુધી જાહેર કરી હતી. ત્યાર બાદ તેને વધારીને ૨૩મી સુધી લઈ ગઈ હતી. ડીજીસીએના અધિકૃત સૂત્રોના જણાવ્યા મુજબ કિંગફીશરના જવાબ પર મેનેજમેન્ટે કાયદાકીય નિષ્ણાતો સાથે મંત્રણા કરી હતી. જેમાં કિંગફિશર સામે શું કાર્યવાહી થઈ શકે તે અંગે ખાસ ચર્ચા કરવામાં આવી હતી. તેનું લાયસન્સ સ્થગિત કરવામાં આવે કે પછી રદ કરાય. છેલ્લા ૨૧ દિવસથી ચાલી રહેલ વિવાદનો ઉકેલ લાવવામાં કિંગફિશર નિષ્ફળ ગયુંછે. સાત મહિનાથી પગાર ન મળતાં તેના પાયલોટ અને એન્જિનિયર હાલ હડતાળ પર ઉતરી ગયા છે. નોંધનીય છે કે ડીજીસીએ એ વિજય માલ્યાના નેતૃત્વ હેઠળની કિંગફિશરને ૫મીના રોજ કારણદર્શક નોટીસ ફટકારી હતી. જેમાં લાયસન્સ રદ કે સ્થગિત કેમ ન કરવું તેનો જવાબ મંગાયો હતો. છેલ્લા ઘણાં દિવસથી તે ટાઈમટેબલનું પાલન નહીં કરે.

## મધ્ય પ્રદેશમાં એક મંદિરમાં ભાગદોડ થતા બે શ્રદ્ધાળુના મોત

શિહોર,તા.૨૦

મધ્ય પ્રદેશમાં શિહોરમાં સલકાનપુર મંદિરમાં આજે સવારે એકાએક ભાગદોડ મચી જતાં ઓછામાં ઓછા બે લોકોના મોત થઈ ગયા છે અને અન્ય ૩૫થી વધુ શ્રદ્ધાળુઓને નાની મોટી ઈજાઓ થઈ હતી. ટીવી અહેવાલોમાં જણાવામાં આવ્યું છે કે આજે સવારમાં આ ભાગદોડ મચી ગઈ હતી. પોલીસ દ્વારા હાલમાં માહિતી ગુપ્ત રાખવામાં આવી રહી છે પરંતુ જાણવા મળેલી માહિતી મુજબ આ બનાવ એ વખતે બન્યો હતો જ્યારે લોકો મંદિરમાં પરત ફરી રહ્યા હતા. શિહોરમાં સલકાનપુર મંદિર પહાડીની શિખર ઉપર સ્થિત છે. ભાગદોડ મચી જવા માટેનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. મૃતકોની ઓળખ પણ કરવામાં આવી નથી. ઈજાગ્રસ્ત લોકોને હોસ્પિટલમાં ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જો કે પોલીસ અને બચાવ અને રાહત કામગીરીમાં વ્યસ્ત લોકોને પણ ઘાયલ થયેલા લોકોને લાવવામાં મુશ્કેલી નડી હતી. કારણ કે પહાડી પર આ મંદિર સ્થિત છે. નવરાત્રીના પ્રસંગે આજે સવારે આશરે ૫૦ હજાર લોકો જમા થયા હતા. કેટલાક લોકો સીઢી પરથી ચઢી રહ્યા હતા. ભેરુગઢની પાસે ત્રીજા દોરમાં એકાએક ભાગડો મચી ગઈ હતી.

મંદિર સાથે સંકળાયેલા લોકો અને અન્યો દ્વારા નામ જાહેર નહીં કરવાની શરતે જણાવવામાં આવ્યું છે કે શ્રદ્ધાળુઓમાં ઉતાવળ જોવા મળી હતી જેના લીધે આ બનાવ બન્યો છે છતાં વાસ્તિવક કારણ જાણવાના પ્રયાસ થઈ રહ્યા છે. દેશના જુદા જુદા મંદિરોમાં આ પ્રકારના બનાવ વારંવાર જોવા મળે છે. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જ્યાં એકત્રિત થાય છે ત્યાં પૂરતી વ્યવસ્થાનો અભાવ રહે છે.

આ જ કારણસર વારંવાર આ પ્રકારના બનાવ બને છે. ખુવારી પણ થાય છે. આવા બનાવોને રોકવા માટે તંત્ર દ્વારા અનેક વખત દાવા પણ કરવામાં આવ્યા છે પરંતુ વારંવારના બનાવોથી એક બાબત સ્પષ્ટ થઈ ગઈ છે કે બનાવોને રોકવામાં સફળતા હાથ લાગી નથી. માત્ર ભારતમાં જ નહીં બલ્કે વિશ્વના અન્ય દેશોમાં પણ ધાર્મિક સ્થળોમાં પણ ભાગદોડના બનાવો વારંવાર બનતા હોય છે જેમાં મોટી સંખ્યામાં લોકોના મોત પણ થાય છે. ઘાયલ થયેલા તમામ લોકોને રેહટીની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પહાડી પર જવા માટે એક જ માર્ગ છે.

## ૨૬/૧૧ના ત્રાસવાદી કેમ્પમાં ડેવિડ હેડલી જોવા મળતો હતો


મુંબઈ,તા.૨૦

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં કરવામાં આવેલા ભીષણ આતંકવાદી હુમલાને અંજામ આપનાર આતંકવાદીઓના હેન્ડલર જિયાબુદીન અન્સારી ઉર્ફે અબુ જુન્ડાલે તેના નિવેદનમાં જણાવ્યું છે કે ૨૬/૧૧ના આતંકવાદી કેમ્પમાં પાકિસ્તાનમાં જન્મેલો અમેરિકી નાગરિક ડેવિડ હેડલી ઉર્ફે દાઉદ ગિલાની પણ ઉપસ્થિત રહ્યો હતો. આતંકવાદીઓ માટે ચાલેલા કેમ્પમાં ડેવિડ હેડલીએ નજર રાખી હતી. જુન્ડાલનું કહેવું છે કે દોરાએઆમ અને દોરાએખાસમાં જ્યારે ટ્રેનીંગ ત્રાસવાદીઓની ચાલી રહી હતી ત્યારે હેડલી પણ દેખાયો હતો. કેમ્પમાં એક વિદેશીની હાજરી વારંવાર જોવા મળી રહી હતી. એક દિવસ આ વિદેશી કોણ છે તેવો પ્રશ્ન કર્યો હોવાની વાત પણ અબુ જુન્ડાલે કરી છે. પ્રથમ વાતચીત દરમિયાન તોયબાના વડા હફીઝ સઈદને આ મુજબની વાત કરવામાં આવી હતી. કેમ્પ અંગે કોઈપણ શંકા ન ઉઠાવવા અથવા તો કોઈ પણ પ્રશ્ન ન કરવા જુન્ડાલને સઈદે સૂચના આપી હતી. જુન્ડાલે વધુમાં કહ્યું છે કે જાન્યુઆરી ૨૦૧૦માં જાણવા મળ્યું હતું કે હેડલીની ધરપકડ કરી લેવામાં આવી છે. એ વખતે અખબાર મારફતે જાણવા મળ્યું કે આતંકવાદીઓના કેમ્પમાં ફરનાર આ વિદેશી નાગરિકનું નામ હેડલી છે અને તે તોયબાના શખ્સ તરીકે તે કામ કરે છે. સાજિદ માજિદ હેડલીનો મુખ્ય ઓપરેટર હતો. ચાર્જશીટના ભાગરૂપે આ નિવેદન આવ્યું છે. પોલીસનું કહેવું છે કે મૂરડીકમાં ૨૬/૧૧ના આતંકવાદી હુમલા પહેલો કમ્પ દરમિયાન સાજિદ માજિદની હાજરી અને હેડલીની હાજરી ઘણી બધી બાબતો સાબિત કરે છે.

# નિત્યાનંદની મઠના વડાના અનુગામી તરીકે હકાલપટ્ટી

ચેન્નાઈ,તા.૨૦

બળાત્કાર સહિત જુદા જુદા ફોજદારી ઓરોપોનો સામનો કરી રહેલા તથા અનેક પ્રકારના વિવાદોમાં રહેલા જાતે બની બેઠેલા ગોડમેન નિત્યાનંદની મદુરાઈ મઠના વડાના અનુગામી તરીકે હકાલપટ્ટી કરી દેવામાં આવી છે. ૧૫૦૦ વર્ષ જુના સેવિતે મઠ મદરાઈ અધિનમના મઠ વડાના અનુગામી તરીકે તેમની હકાલપટ્ટી કરી દેવામાં આવી છે. નિત્યાનંદ સ્વામીની નિમણૂંક દોઢ વર્ષ પહેલાં કરવામાં આવી હતી. કારણ કે મદુરાઈ અધિનમના વડા એ દેશીકરની પણ હિંદુ ધાર્મિક સંસ્થાઓ અને સરકાર દ્વારા વ્યાપક ટીકા કરવામાં આવી હતી પરંતુ નિત્યાનંદ પણ એક પછી એક



વિવાદોમાં સંડોવાયેલા છે. તેમના પર બળાત્કારના પણ ગંભીર આક્ષેપ થયેલા છે. કોર્ટ કેસોનો પણ સામનો કરી રહ્યા છે. મંદિર શહેર મદુરાઈમાં મીડિયા સાથે ટૂંકી વાતચીત કર્યા બાદ દેશીકર દ્વારા નિત્યાનંદને દૂર કરવાની જાહેરાત કરવામાં આવી હતી. હિંદુ ધાર્મિક અને ચેરીટેબલ વિભાગે મદુરાઈમાં એક સ્થાનિક અદાલતમાં અપીલ કરી હતી. આમા દેશમાં સૌથી જૂના મઠની પરંપરાનો ભંગ કરીને નિમણૂંક કરવા બદલ દેશીકરને પણ દૂર કરવાની માંગ કવામાં આવી હતી. જે વ્યક્તિની નિમણૂંક કરવામાં આવી છે તે વ્યક્તિની હકાલપટ્ટી હવે શા માટે કરાઈ છે તે અંગે દેશીકર સ્પષ્ટ પણે જવાબ આપી શક્યા ન હતા. દેશીકરે એમ પણ કહ્યું હતું કે પોલીસ રક્ષણની માંગણી તેમને કરી છે. કારણ કે નિત્યાનંદના સમર્થકો તરફથી હુમલો થવાનો ખતરો પણ દેખાઈ રહ્યો છે.

બીજી બાજુ એક સંબંધિત ઘટનાક્રમમાં મદ્રાસ હાઈકોર્ટે નિત્યાનંદને દૂર કરવા માટે રજૂ કરવામાં આવેલી ઘણી બધી અરજીઓ અંગે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. નિત્યાનંદની મદુરાઈ મઠના વડાના અનુગામી તરીકે નિમણૂંક કરાતા શ્રદ્ધાળુઓમાં આઘાતનું મોજું ફળી વળ્યું હતું. ધાર્મિક સંસ્થાઓના નેતાઓએ આની ટીકા કરી હતી. બળાત્કાર સહિતના આરોપોનો સામનો કરનારની નિમણૂં કઈ રીતે થઈ શકે છે તેવા પ્રશ્નો કરાયા હતા.

## સમાચાર ઝલક

- ભડભડિયા દિગ્વિજયસિંહની મૌલ કૌભાંડથી બોલતી બંધ, હાઇકોર્ટ સી.બી.આઇ.ને તપાસ સોંપી.
- વગર ગેરંટીએ સાડા સાત લાખની શિક્ષણ લોન અપાશે.
- ટ્યુમરની સારવાર માટે હવે ઓપરેશનની જરૂર નહીં પડે.
- વિમલ ગુટખામાંથી કેન્સરની જીવલેણ બિમારી નોતરે તેવા તત્ત્વો રાજકોટમાંથી મળી આવ્યાં.
- ટપાલખાતાનાં ગ્રામીણ સેવકોને ફેસ્ટીવલ બોનાન્ઝા વેતન ૩૫૦૦ રૂપિયા મળશે.
- તત્કાળ ટિકીટ માટે રેલ્વેનું અલગ ગુલામી ફાર્મ.
- ધુમ્રપાન કરતી ગર્ભવતી સ્ત્રીઓની ત્રણ પેઢીને આરોગ્યનું મોટું જોખમ.
- વર્લ્ડ ટૂર કેમ ન લઇ ગયા? પતિ ઉપર કેસ ઝીંકતી પત્ની.
- ચંડીગઢમાં આ.પી.એસ. અધિકારી લાંચ લેતાં રંગે હાથે ઝડપાયા.
- રેલ્વે કર્મચારીઓનો જૂના પગાર પંચ પ્રમાણેના બોનસનો વિરોધ.
- મક્કામાં નવો ગિલાફ તૈયાર, રૂપીએ કાબા શરીરમાં ચડાવાશે.
- ભારતના ટોપ-૧૭ ઉભરતાં બિઝનેશ ડેસ્ટીનેશનમાં અમદાવાદ ટોચનાં ક્રમે.
- હોલીવુડની સૌથી ખૂબસૂરત અભિનેત્રી મેગન ફોક્સ અને બ્રાયન ઓસ્ટિન માતા પિતા બન્યાં.
- ઓળખકાર્ડ આધારને અન્ય યોજનાની સાથે જોડાશે.
- વિરમગામનાં હાંસલપુરમાં ચાર આદિવાસી મહિલાઓ પર સામૂહિક બળાત્કાર-લૂંટ.
- તહેવારોમાં ચાંદીના સિક્કાની માંગમાં ઉલ્લેખનીય વધારો.
- ચૂંટણીપંચના અતિરેક સામે વ્યાપાર-ઉદ્યોગ સંગઠનો ઘર્ષણના માર્ગે.
- રાજકોટ બસ સ્ટેન્ડમાં ગઠીયો શિક્ષકને બેભાન કરી સોનાની વીટીંઓ કાઢી ગયો.

## નવી કોર કમીટિની રચનાની અણ્ણાની વિધિવત જાહેરાત

પૂણે,તા. ૨૦

સામાજિક કાર્યકર અણ્ણા હઝારે ભ્રષ્ટાચાર વિરોધી જંગને આગળ વધારવાના હેતુસર બે મહિનાની અંદર નવેસરની કોર કમીટિની રચના કરવાની યોજના ધરાવે છે. આ કમીટિના સભ્ય બનવા માગે છે કે કેમ તેવો પ્રશ્ન અગાઉની સમીટિના સભ્યોને પણ પૂછવામાં આવ્યો છે. અણ્ણા હઝારેએ એમ પણ કહ્યું છે કે અરવિંદ કેજરીવાલ અમારા દુશ્મન નથી. તેઓએ રાજકીય પાર્ટી બનાવી લીધી છે.

અમારા હેતુ એક છે. હઝારેએ કહ્યું હતું કે અરવિંદ કેજરીવાલ નવી રાજકીય પાર્ટી બનાવી ચૂક્યા છે જેથી અમે અમારી સાથે જોડાવા ઈચ્છે છે કે કેમ તેમ અન્યને પ્રશ્નો કરીશું. કેજરીવાલ અને અમારો માર્ગ જુદો જુદો છે. અણ્ણાએ કહ્યું હતું કે અમે એક પ્રેશર ગ્રૂપની રચના કરવા માગીએ છીએ અને સંસદમાં મોકલવા સારા લોકોની પસંદગી કરીશું. જો યોગ્ય દેખાશે તો કેજરીવાલના ઉમેદવારોને પણ અમે ટેકો આપીશું. કોર કમીટિની રચના અને ભાવિ પગલાં યોજના અંગે ચર્ચા માટે રાલેગણ સિદ્ધિમાં મહત્વપૂર્ણ મિટીંગ યોજાઈ હતી. આ મિટીંગમાં અણ્ણાએ આ મુજબની માહિતી આપી હતી. ટીમ અણ્ણાની અગાઉની જે સમીટિ હતી તેમાં કિરણ બેદી, વિસંભર ચૌધરી અને અવિનાશ ધર્મ અધિકારી હતા. આ સભ્ય ગઈકાલની મિટીંગમાં પણ ઉપસ્થિત રહ્યા હતા. ચળવળમાં સામેલ થવા અન્ય તરફથી પણ સારો પ્રતિસાદ મળ્યો છે. કોર કમીટિના સભ્યો તેમની સંપત્તિની વિગતો પણ જાહેર કરશે. બે દિવસીય મિટીંગ નવેમ્બરમાં યોજાશે.

## અગ્રવાલ ઉપર હુમલામાં બે અધિકારી રિમાન્ડ પર

રાયપુર,તા. ૨૦

છતીસગઢના રાયગઢ જિલ્લામાં આરટીઆઈ કાર્યકર રમેશ અગ્રવાલ પર હુમલો કરવામાં સંડોવણી બદલ જિંદાલ સ્ટીલ એન્ડ પાવર લિમિટેડના બે અધિકારીઓએ આજે સવારે કોર્ટ સમક્ષ શરણાગતિ સ્વીકારી લીધી હતી.

પોલીસ અધિકારી પ્રફુલ ઠાકુરે માહિતી આપતા કહ્યું છે કે કોર્ટમાં શરણાગતિ સ્વીકારી લીધા બાદ આ બંનેને ૨૫મી ઓક્ટોબર સુધી પોલીસ રિમાન્ડ ઉપર મોકલી દેવામાં આવ્યા છે. જેએસપીએલના વરિષ્ઠ સિક્યુરિટી ઓફિસર બ્રિગેડિયર (નિવૃત્ત) કે કે ચોપડા અને ડેપ્યુટી મેનેજર એ એન પાનીગડી દ્વારા શરણાગતિ સ્વીકારી લેવામાં આવી હતી. ઓદ્યોગિક પ્રદૂષણ અને વિસ્થાપિત થવાથી સ્થાનિક સમુદાય સામે લડત ચલાવનાર ૫૬ વર્ષીય રમેશ અગ્રવાલ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ વખતે જુલાઈ મહિનામાં રાયગઢમાં આ બનાવ બન્યો હતો. અગ્રવાલ ઉપર રાજ્યના પાટનગર રાયપુરમાં બે વખત ઓપરેશન કરવામાં આવી ચૂક્યું છે પરંતુ હજુ સુધી રિકવર થઈ શક્યા નથી. તેમની ઓફિસમાં જ તેમના પર ગોળીબાર કરાયો હતો. પોલીસે અગાઉ કેસના સંબંધમાં ચાર લોકોની ધરપકડ કરી હતી.